| | | | |
|---|---|---|---|
| અરજી રજુ કર્યા તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ | | |
| અરજી નોંધ્યા તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ | | |
| અરજી નિકાલ તારીખ | ૧૨/૦૬/૨૦૨૬ | | |
| **સમય અવધિ** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૦૭ |

**લીંબડીના મહેરબાન એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામ ::– લીંબડી**

| |
|---|
| **ફોજદારી પરચુરણ અરજી(અધર) નં.૧૯૪/૨૦૨૬** |
| **આંક–** |

**એપેલન્ટ/આરોપી** ::– **અસલમભાઇ હુસૈનભાઇ કળગથરા**
ઉ.વ.૩૦, ધંધો–વેપાર, રહે.પાળીયાદ,
હે.બોટાદ રોડ, તા.જી.બોટાદ.

**–:: વિરૂધ્ધ ::–**

**રીસ્પોડન્ટ** ::– શ્રી સરકાર

**બાબત:–** હુકમની શરતમા ફેરફાર કરવા અંગેની અરજી.

| | | |
|---|---|---|
| **ધારાશાસ્ત્રી** | **એપેલન્ટ તરફેથી વિદ્વાન વકિલ શ્રી** | **::– એસ.બી.કનાડ.** |
| | **રીસ્પોડન્ટ તરફેથી વિદ્વાન વકિલ શ્રી** | **::– એ.પી.પી.શ્રી.કે.બી.શાહ.** |

-:: **<u>ચુકાદો</u>** ::-

(૧) સાંભળ્યા. અરજદાર/આરોપીની હાલની અરજી તથા રેકર્ડ વંચાણે લીધું.

**<u>અરજીને લગત ટુંકી વિગતો</u>** :-

(૨) અરજદારની હાલની અરજી સાયલા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર-૧૧૨૧૧ ૦૪૫૨૩૦૪૬૩/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૨૮૬, ૩૦૮, ૧૧૪ તથા એક્ષપ્લોઝીવ એકટ-૧૮૮૪ ની કલમ-૯(બી), (૧)(બી), ૧૨ તથા એક્ષપ્લોઝીવ સબ સ્ટેશન એકટ-૧૯૦૮ની કલમ-૪ મુજબ મુજબના ગુન્હાના કામે તારીખ ૧૪/૦૬/૨૦૨૪ ના રોજ અટક કરેલ જે અનુસંધાને તેઓ અરજદાર/આરોપીએ નામદાર ગુજરાત વડી અદાલત સમક્ષ ફોજદારી પરચુરણ અરજી નંબર-૧૨૯૦૪/૨૦૨૪ થી જામીન મુકત થવા અરજી કરેલ જે અરજી ગુજરાત વડી અદાલત દ્વારા શરતોને આધીન ગ્રાહ્ય રાખેલ જે નામદાર ગુજરાત વડી અદાલત દ્વારા શરત અનુસાર પાસપોર્ટ જમા કરાવેલ અને તેઓ અરજદાર/આરોપી કે જે એક વેપારી છે અને તેઓને હાલ બીઝનેશ ટુર માટે સીંગાપુરમાં ડાયમન્ડના વ્યવસાયીક કાર્ય માટે નવો બિજનેશ શરૂ કરવા માટે વિદેશ જવાનું હોય અને તેઓ અરજદાર/આરોપીનો પાસપોર્ટ નામદાર કોર્ટમાં જમાં હોય જે પાસપોર્ટ તેઓ અરજદાર/આરોપીને વચગાળાની કસ્ટડી માટે પરત મેળવવા અને તેઓ અરજદાર/આરોપીને હાલ બીઝનેશ ટુર માટે સીંગાપુરમાં ડાયમન્ડના વ્યવસાયીક કાર્ય માટે ટુર કરવા જવા માટે જામીન અરજીના હુકમની શરત નંબર-સી અને ડી માં ફેરફાર કરવા માટે અગાઉ અરજી કરેલ જે મંજુર કરવામા આવેલ છે જેની મુદત તા.૨૫/૬/૨૦૨૬ ના રોજ પુરી થતી હોય અને હાલ કામે વીઝા મેળવવા ના કામે સદર પાસપોર્ટ રજુ કરેલ હોય અને આજદીન સુધી અમો અરજદારના વીઝા મંજુર થયેલ નથી કે અમોને પાસપોર્ટ પરત મળેલ ન હોય, જેથી અરજદાર/આરોપીને હાલની અરજી કરવાની ફરજ પડેલ હોય તેઓ અરજદાર/આરોપીની નામદાર ગુજરાત વડી અદાલત સમક્ષ ફોજદારી પરચુરણ અરજી નંબર-૧૨૯૦૪/૨૦૨૪ ના કામે શરત નંબર- સી અને ડીમાં ફેરફાર કરી સાયલા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર- ૧૧૨૧૧ ૦૪૫૨૩૦૪૬૩/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૨૮૬, ૩૦૮, ૧૧૪ તથા એક્ષપ્લોઝીવ એકટ-૧૮૮૪ ની કલમ-૯(બી), (૧)(બી), ૧૨ તથા એક્ષપ્લોઝીવ સબ સ્ટેશન એકટ-૧૯૦૮ની કલમ-૪ ના કામે રજુ કરેલ

પાસપોર્ટ નંબર– એક્સ–૮૦૬૭૦૦૨ વાળો પાસપોર્ટ વધુ દિવસ–૬૦ના વચગાળાની કસ્ટડીમાં આપવા તેમજ તેઓ અરજદાર/આરોપીને સીંગાપુર માટે બિઝનેશ ટુર કરવા જવા માટે વધુ દિન–૬૦ સુધી ગુજરાત રાજયની હદ્દ છોડવા પરવાની આપવા હાલની અરજી પ્રસ્તુત કરેલ છે.

**<u>અરજદાર/આરોપીના વિ.વ.શ્રીની દલીલો</u> :–**

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રી તેઓની દલીલોમા જણાવે છે કે, અરજદાર/આરોપી કે જે એક વેપારી છે અને તેઓને હાલ બીઝનેશ ટુર માટે સીંગાપુરમાં ડાયમન્ડના વ્યવસાયીક કાર્ય માટે નવો બિઝનેશ શરૂ કરવા માટે વિદેશ જવાનું હોય અને તેઓ અરજદાર/આરોપીનો નામદાર કોર્ટમાં પાસપોર્ટ જમાં હોય જે પાસપોર્ટ તેઓ અરજદાર/આરોપીને વચગાળાની કસ્ટડી માટે પરત મેળવવા અને તેઓ અરજદાર/આરોપીને હાલ બીઝનેશ ટુર માટે સીંગાપુર વ્યવસાયીક ટુર કરવા જવા માટે જામીન અરજીના હુકમની શરત નંબર–સી અને ડી માં ફેરફાર કરવા માટે અગાઉ અરજી કરેલ જે મંજુર કરવામા આવેલ છે જેની મુદત તા.૨૫/૬/૨૦૨૬ ના રોજ પુરી થતી હોય અને હાલ કામે વીઝા મેળવવાના કામે સદર પાસપોર્ટ રજુ કરેલ હોય અને આજદીન સુધી અમો અરજદારના વીઝા મંજુર થયેલ નથી કે અમોને પાસપોર્ટ પરત મળેલ ન હોય, જેથી અરજદાર/આરોપીને હાલની અરજી કરવાની ફરજ પડેલ હોય તેઓ અરજદાર/આરોપીની નામદાર ગુજરાત વડી અદાલત સમક્ષ ફોજદારી પરચુરણ અરજી નંબર–૧૨૯૦૪/૨૦૨૪ ના કામે શરત નંબર– સી અને ડીમાં ફેરફાર કરી સાયલા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર– ૧૧૨૧૧ ૦૪૫૨૩૦૪૬૩/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૬, ૩૦૮, ૧૧૪ તથા એક્ષપ્લોઝીવ એકટ–૧૮૮૪ ની કલમ–૯(બી), (૧)(બી), ૧૨ તથા એક્ષપ્લોઝીવ સબ સ્ટેશન એકટ–૧૯૦૮ની કલમ–૪ ના કામે રજુ કરેલ પાસપોર્ટ નંબર– એક્સ–૮૦૬૭૦૦૨ વાળો પાસપોર્ટ વધુ દિવસ–૬૦ના વચગાળી કસ્ટડી આપવા તેમજ તેઓ અરજદાર/આરોપીને સીંગાપુર માટે બિઝનેશ ટુર કરવા જવા માટે વધુ દિન–૬૦ સુધી ગુજરાત રાજયની હદ્દ છોડવા પરવાની આપવાની દલીલો કરેલ છે તથા અરજદાર/આરોપીના વિ.વ.શ્રી વધુમા જણાવે છે કે, અરજદાર/આરોપી અગાઉ પણ ઉપરોકત બિઝનેશ સંબંધે બિઝનેશ ટુર કરેલ છે અને નામદાર કોર્ટ ધ્વારા ફરમાવેલ શરતોનુ પાલન કરેલ છે અને અરજદાર/આરોપીને વચગાળાના ધોરણે જામીનગીરી બાબતે બેંક ગેરેન્ટી રજુ કરવાનો હુકમ કરેલ તેના

અનુસંધાને અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ આંક–૪ ની પુરશીષ થી બેંક ગેરેન્ટી અત્રેની કોર્ટના નાઝીર શાખામાં જમાં કરી આપેલ છે જે પુરશીષમા અત્રેની કોર્ટના નાઝીરશ્રીનો શેરો રજુ છે. આમ, સદર અરજી મંજુર કરવા અરજદાર/આરોપીના વિ.વ.શ્રી.ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે.

**<u>વિદ્ધાન એ.પી.પી.શ્રી.ની દલીલો</u> :–**

(૪) વિદ્ધાન એ.પી.પી.શ્રી તેઓની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી નામદાર કોર્ટ ધ્વારા નકકી કરવામાં આવેલ શરતોનુ ચુસ્ત રીતે પાલન કરવામાં આવે તો તેઓને કોઇ વાંધો દર્શાવેલ નથી.

**<u>નિષ્કર્ષ</u>:–**

(૫) અરજદાર તરફે રજુઆત તથા રજુ અરજી સાથેના અરજરદાર/આરોપીનું આંક–૦૩ ના દસ્તાવેજી લીસ્ટથી નિશાની ૦૩/૦૧ થી નિશાની ૦૩/૦૬ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે તથા પ્રોસીકયુશન તરફે વિ.વ.એ.પી.પી.શ્રીએ અગાઉ અરજદાર/આરોપીને આપવામાં આવેલ વચગાળાના હુકમ મુજબ કોઇ શરતનો ભંગ કરેલ હોય તેવી કોઇ રજુઆત નથી. અરજદાર/આરોપીએ અત્રેની કોર્ટમાં રજુ કરેલ ફો.પ.અ.નં.૧૯૩/૨૬ ના કામે રજુ થયેલ આંક–૫ વાળા દસ્તાવેજી પુરાવા લીસ્ટ તથા હાલની અરજીના કામે અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ આંક–૪ થી બેંક ગેરેન્ટી અત્રેની કોર્ટના નાઝીર શાખામા જમાં કરાવેલ છે જેમાં નાઝીરશ્રીનો શેરો રજુ છે. આમ સદરહુ અરજી સાથેના રેકર્ડ પરના દસ્તાવેજો ધ્યાને લેતા હાલના અરજદાર/આરોપીની સદર અરજી ગ્રાહય રાખવી ન્યાયોચિત જણાઇ આવતું હોય જેથી, નીચે શરતોને આધીન હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

**(૧)** અરજદાર–અસલમભાઈ હુસૈનભાઈ કળગથરા, રહેવાસી–પાળીયાદ, હે.બોટાદ રોડ, તાલુકો–જીલ્લો–બોટાદનાઓની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

**(૨)** અરજદાર/આરોપીની ફોજદારી પરચુરણ અરજી નંબર–૧૨૯૦૪/૨૦૨૪ ના કામે શરત

નંબર– સી અને ડી માં ફેરફાર કરી સાયલા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર– ૧૧૨૧૧ ૦૪૫૨૩૦૪૬૩/૨૦૨૩ ના કામે રજુ કરેલ પાસપોર્ટ નંબર– એકસ–૮૦૬૭૦૦૨ વાળો પાસપોર્ટ વધુ વચગાળાની કસ્ટડી પુરતો પરત સોપવા તેમજ અરજદાર/આરોપીને સીંગાપુર માટે બીઝનેશ ટુર કરવા જવા માટે હુકમ કર્યાના દીવસથી વધુ દિવસ–૬૦ સુધી ગુજરાત રાજયની હદ્દ છોડવા અરજદાર/આરોપી અસલમભાઈ હુસૈનભાઈ કળગથરા, રહેવાસી– પાળીયાદ, ઠે.બોટાદ રોડ, તાલુકો–જીલ્લો–બોટાદવાળાનાઓએ રૂપિયા ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા)ની બેંક ગેરેન્ટી અત્રેની કોર્ટમાં રજુ કર્યેથી અરજદાર/આરોપીનીને વચગાળાનાં ધોરણે નીચેની શરતોએ સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** સદરહું હુકમની યાદી સાયલાના વિદ્વાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી સાયલાનાઓને કરવી.

**<u>શરતો</u> :–**

**(૧)** અરજદાર/આરોપીએ હુકમ કર્યાથી વધુ દિવસ–૬૦ સુધી પોતાના બીઝનેશ ટુર માટે સીંગાપુરમાં વ્યવસાયીક ટુર પુરતો જ સદર પાસપોર્ટ ઉપયોગ કરવો અને હાલના અરજદાર/આરોપીએ ટુર પૂર્ણ થયા બાદ પોતાનો પાસપોર્ટ સાયલા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર– ૧૧૨૧૧૦૪૫૨૩૦૪૬૩/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૬, ૩૦૮, ૧૧૪ તથા એક્ષપ્લોઝીવ એકટ–૧૮૮૪ની કલમ–૯(બી), (૧), (બી), ૧૨ તથા એક્ષપ્લોઝીવ સબ સ્ટેશન એકટ–૧૯૦૮ ની કલમ– ૪ ના કામે અત્રેની કોર્ટની કસ્ટડીમાં પરત જમાં કરાવવો.

**(૨)** હાલના અરજદાર/આરોપીનાઓએ હુકમ કર્યા થી વધુ દિવસ–૬૦ સુધી પોતાની બીજનેશ ટુર માટે સીંગાપુરની વ્યવસાયીક ટુર પુર્ણ કર્યેથી તથા અત્રેની કોર્ટના નાઝીર શાખામાં પાસપોર્ટ પરત જમાં કરાવ્યેથી અરજદાર/આરોપી ધ્વારા રજુ કરેલ બેંક ગેરેન્ટી તેઓને પરત સોપવી.

**(૩)** હાલના અરજદાર/આરોપીનાઓએ હુકમ કર્યાના દિવસ–૬૦ સુધી પોતાના બીઝનેશ

ટુર માટે સીંગાપુરમાં વ્યવસાયીક ટુર પુર્ણ થયેથી નામદાર ગુજરાત વડી અદાલતના ફોજદારી પરચુરણ અરજી નંબર–૧૨૯૦૪/૨૦૨૪ ના કામે કરેલ હુકમની શરત નંબર–સી અને ડી અમલ કરવાનો રહેશે.

હુકમ આજ રોજ તારીખ–૧૨મી, માહે–જુન, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કરવામાં આવ્યો.

તારીખ– ૧૨/૦૬/૨૦૨૬
સ્થળ – લીંબડી.

**(માધુરી ધ્રુવકુમાર પાન્ડેય)**
Code No.GJ–01542
એડીશ્નલ સેશન્સ જજ, લીંબડી.